SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Divya Prakash**
**Edition:** Amreli | **Date:** June 09, 2011 | **Page No.:** 02 | **Category:** Sterling Hospital

Doctors' team successfully performs the first living donor liver transplant at Sterling Hospital

સ્ટર્લિંગ હૉસ્પિટલ, હવે એલડીએલટીનું ઓપરેશન કરતાં દેશના જૂજ કેન્દ્રોમાનું એક

# સ્ટર્લિંગ હૉસ્પિટલની ડૉક્ટર્સ ટીમ દ્વારા જીવીત દાતાનાં લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવ્યું

અમદાવાદ,

સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કૉર્પોરેટ હૉસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદની ડૉક્ટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યક્તિના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પિડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના પ૨ વર્ષની ઉંમરના જનરલ પ્રૅક્ટીશનર ડૉ. કનુભાઈ ગોહીલ અને તેમના સંબંધી શ્રી પરમાર ઉપર, આ ઑપરેશન ડૉ. એ.એસ. સોઈન, ડૉ. હિતેષ ચાવડા, ડૉ. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી-ઈન્સ્ટીટ્યુટ ઑફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન ઍન્ડ રિજનરેટીવ મૅડીસીનના ચીફ ઑફ લીવર ટ્રાન્સપ્લાન્ટ ઍન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડૉ. એ.એસ. સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે. આ કેસ અંગેની વિગત આપતાં સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ-હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રૉગ્રામના ડિવિઝન ચીફ ડૉ. હિતેષ ચાવડા એ જણાવ્યું હતું કે "ગયા મહિને ડૉ. કનુભાઈએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હૉસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હીપેટાઈટીસ-સીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટ'મનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અન લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સાઓમાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા શ્રી પૂનમ પરમાર, ડૉ. ગોહીલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઈચ્છા દર્શાવી."